नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

आगम- ३५

# બૃહત્કલ્પ

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૫

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# ૩૫. બૃહત્કલ્પ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- 1. www.jainelibrary.org, 2. Deepratnasagar.in**

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૩૫ 'બૃહત્કલ્પ'

## છેદ સૂત્ર– ૨ ગુજરાતી ભાવાનુવાદ

### ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ઉદ્દેશો | | | ઉદ્દેશો | | |
| ૧ | સાધુ-સાધ્વી આચાર વિધિ નિષેધ | ૦૬ | ૪ | સાધુ-સાધ્વી આચાર વિધિ નિષેધ | ૧૭ |
| ૨ | સાધુ-સાધ્વી આચાર વિધિ નિષેધ | ૧૧ | ૫ | સાધુ-સાધ્વી આચાર વિધિ નિષેધ | ૨૧ |
| ૩ | સાધુ-સાધ્વી આચાર વિધિ નિષેધ | ૧૪ | ૬ | સાધુ-સાધ્વી આચાર વિધિ નિષેધ | ૨૫ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | -3- **आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति** -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति** -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૩૫] બૃહત્કલ્પ
## છેદસૂત્ર–૨– ગુજરાતી ભાવાનુવાદ

છેદસૂત્રમાં બીજા છેદસૂત્ર રૂપે હાલ સ્વીકાર્ય એવા આ આગમમાં છ ઉદ્દેશાઓ છે. જેમાં કુલ-૨૧૫ સૂત્રો છે. આ છેદસૂત્રનું ભાષ્ય પૂજ્ય મલયગિરિજી તથા પૂજ્ય ક્ષેમકીર્તિજી.ની વૃત્તિ પણ છે. અમારા આગમસુત્તાણી-સટીકં માં છપાયેલ છે. સામુદાયિક મર્યાદાના કારણે અમે ટીકા સહિત અનુવાદ પ્રકાશિત કરી શકતા નથી પરંતુ અહીં કરેલ મૂળ સૂત્રાનુવાદના સાંગોપાંગ રહસ્યને સમજવા માટે ઉક્ત ભાષ્ય અને ટીકા ગ્રંથનો સ્પર્શ અત્યંત આવશ્યક છે.

આ સૂત્રમાં અનેક વખત નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થી શબ્દનો પ્રયોગ થયેલો છે. જેનો લોકપ્રસિદ્ધ અર્થ સાધુ-સાધ્વી થાય છે. અમે પહેલાથી છેલ્લા સૂત્ર પર્યન્ત પ્રત્યેક સ્થાને 'સાધુ-સાધ્વી' અર્થને સ્વીકારીને જ આ અનુવાદ કરેલ છે. હવે તેનો પહેલો ઉદ્દેશો–

## ઉદ્દેશો-૧

**આ ઉદ્દેશામાં ૫૦ સૂત્રો છે. તેનો ક્રમશઃ અનુવાદ આ રીતે–**

૧. સાધુ–સાધ્વીને અભિન્ન–(શસ્ત્ર વડે અપરિણત) અપક્વ તાલપ્રલંબ કેળા, કેરી આદિ ફળો ગ્રહણ કરવા ન કલ્પે.

૨. સાધુ–સાધ્વીને ભિન્ન–શસ્ત્ર વડે પરિણત અપક્વ તાલપ્રલંબ કેળા, કેરી આદિ ફળો ગ્રહણ કરવા કલ્પે.

૩. સાધુને ટૂકડે ટૂકડા કરાયેલા અથવા અખંડ પક્વ (શસ્ત્ર વડે પરિણત) કેળા આદિ ફળો ગ્રહણ કરવા કલ્પે છે

૪. સાધ્વીને અખંડ પક્વ (શસ્ત્ર વડે પરિણત) કેળા આદિ ફળ ગ્રહણ કરવા કલ્પતા નથી.

૫. સાધ્વીને ટૂકડે ટૂકડા કરાયેલા પક્વ (શસ્ત્રથી પરિણત) કેળા આદિ ફળ ગ્રહણ કરવા જ કલ્પે છે.

તે પણ વિધિપૂર્વક ભિન્ન અત્યંત નાના–નાના ટૂકડા કરેલ હોય તો જ ગ્રહણ કરવા તેમને કલ્પે છે. અવિધિથી ભેદાયેલ હોય તો ગ્રહણ કરવું ન કલ્પે.

૬. સાધુને પરિક્ષેપ સહિત અને અબાહ્ય બહાર ન હોય તેવા ગામ, નગર, ખેડ, કર્બટ, મંડળ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, આશ્રમ, સંનિવેશ, સંબાધ, ઘોષ, અંશિક, પુટભેદન અને રાજધાનીમાં–

હેમંત અને ગ્રીષ્મઋતુમાં એક માસ સુધી રહેવું કલ્પે.

સંબાધ – ખેડૂત બીજી જગ્યાએ ખેતી કરીને પર્વત આદિ વિષમ સ્થાને રહેતા હોય તે ગામ સંબાધ કહેવાય. અથવા જ્યાં ધાન્ય આદિ કઠોર હોય ત્યાં વસેલ ગામને પણ સંબાધ કહેવાય છે.

ઘોષ – જ્યાં ગાયોનું જૂથ રહેતું હોય ત્યાં વસેલ ગામ.

અંશિકા – ગામના અડધો ભાગ, ત્રીજો ભાગાદિ જ્યાં વસે તે.

પુટભેદન – અનેક દિશાથી આવેલા માલની પેટી જ્યાં ખોલાય છે.

૭. સાધુને સપરિક્ષેપ–પ્રાકાર કે વાડયુક્ત અને સબાહ્ય–પ્રાકાર બહારની વસતીયુક્ત ગામ યાવત્ રાજધાનીમાં–

હેમંત અને ગ્રીષ્મઋતુમાં બે માસ રહેવું કલ્પે, એક માસ ગામ આદિની અંદર અને એક માસ ગ્રામાદિ બહાર.

ગામ આદિની અંદર રહેતા અંદરની ગૌચરી કરવી કલ્પે છે, ગામ આદિની બહાર રહે તો બહારની ગૌચરી કરવી કલ્પે.

૮. સાધ્વીને સપરિક્ષેપ અને અબાહ્ય ગામ યાવત્ રાજધાનીમાં હેમંત અને ગ્રીષ્મઋતુમાં બે માસ સુધી રહેવું કલ્પે.

૯. સાધ્વીને સપરિક્ષેપ અને સબાહ્ય ગામ યાવત્ રાજધાનીમાં હેમંત અને ગ્રીષ્મઋતુમાં ચાર માસ સુધી રહેવું કલ્પે – બે માસ ગ્રામાદિ અંદર બે માસ ગામાદિ બહાર.

ગામાદિમાં અંદર રહેતા અંદરની ભિક્ષાચર્યા કરવી કલ્પે. ગામાદિની બહાર રહેતા બહારની ભિક્ષાચર્યા કલ્પે.

૧૦. સાધુ-સાધ્વીને એક વગડા, એક દ્વાર અને એક જ નિષ્ક્રમણ-પ્રવેશવાળા ગામ યાવત્ રાજધાનીમાં– સમકાળે રહેવું કલ્પે નહીં.

૧૧. સાધુ-સાધ્વીને અનેક વગડા, અનેક દ્વાર અને અનેક નિષ્ક્રમણ પ્રવેશવાળા ગામ યાવત્ રાજધાનીમાં– સમકાળે રહેવાનું કલ્પે છે.

**વગડો એટલે વાડ, કોટ કે પ્રાકાર..**

૧૨. સાધ્વીઓને

૧. આપણગૃહ, હાટ કે બજાર ૨. રથ્યામુખગલી કે મોહલ્લો ૩. શૃંગાટક ત્રિકોણ સ્થાન ૪. ત્રણ રસ્તા મળતા હોય તેવું સ્થાન ૫. ચતુષ્ટ – ચાર માર્ગોનો સમાગમ ૬. ચત્વર જ્યાં અનેક રસ્તા મળતા હોય ૭. અંતરાપણ – હાટ બજારનો માર્ગ.

એટલા સ્થાને રહેવું ન કલ્પે.

૧૩. સાધુઓને આપણગૃહ યાવત્ અંતરાપણમાં રહેવાનું કલ્પે છે. સ્વાધ્યાય, ધ્યાનાદિમાં વિધ્ન થાય તો સાધુએ પણ ન રહેવું..

૧૪. સાધ્વીઓને અપ્રાવૃત્ત-ખુલ્લા દ્વારવાળા ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

– પરંતુ સાધ્વીઓને અપ્રાવૃત્ત દ્વારવાળા ઉપાશ્રયમાં એક પડદો અંદર કરે અને એક પડદો બહાર કરે તો–

આવા પ્રકારની મિલિમિલિકા જેની વચમાં માર્ગ રહે. તેમ બાંધીને તેમાં રહેવું કલ્પે છે.

૧૫. સાધુઓને આવા અપ્રાવૃત્ત-ખુલ્લા દ્વારવાળા ઉપાશ્રયમાં રહેવાનું કલ્પે છે. જે ચોર કે કૂતરા આદિની આશંકા હોય તો સાધુએ પણ યથાયોગ્ય સુરક્ષા કરી લેવી જોઈએ..

૧૬. સાધ્વીઓને અંદરની બાજુ લેપવાળું ઘટીમાત્રક (માતૃ કરવા માટેનું પાત્ર) રાખવું અને ઉપયોગ કરવો કલ્પે છે.

૧૭. સાધુઓને અંદરની બાજુ લેપવાળું ઘટીમાત્રક રાખવું અને તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**પૂર્વે જેમ અમુક સૂત્રોમાં સાધ્વીને શીલરક્ષા હેતુ કેટલાક નિષેધ કરાયા, તેમ અહીં સાધુને બ્રહ્મચર્ય રક્ષાર્થે નિષેધ છે..**

૧૮. સાધુ અને સાધ્વીઓને ચેલ – ચિલિમિલિકા રાખવી અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**ચિલિમિલિકા એક પ્રકારે વસ્ત્રકૂટી, મચ્છરદાની.**

૧૯. સાધુ અને સાધ્વીઓને જળાશના કિનારે–

૧. ઊભવું, ૨. બેસવું, ૩. સૂવું, ૪. નિદ્રા લેવી, ૫. ઊંઘવું, ૬. અશન, ૭. પાન, ૮. ખાદિમ, ૯. સ્વાદિમ આહાર ખાવો-પીવો, ૧૦. મળ, ૧૧. મૂત્ર, ૧૨. શ્લેષ્મ, ૧૩. નાકનો મેલ એ ચારનો ત્યાગ કરવો, ૧૪. સ્વાધ્યાય કરવો, ૧૫. ધર્મજાગરિકા કરવી, ૧૬. કાયોત્સર્ગ કરવો. એ ૧૬ વસ્તુ કલ્પતી નથી.

૨૦. સાધુ-સાધ્વીને સચિત્ર (ચિત્ર દોરેલા હોય તેવા) ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

૨૧. સાધુ-સાધ્વીને ચિત્ર-રહિત એવા ઉપાશ્રયમાં રહેવું કલ્પે ચિત્ર રાગાદિ ઉત્પત્તિનું નિમિત્ત બની શકે છે..

૨૨. સાધ્વીઓને સાગારિકની નિશ્રા વગરના ઉપાશ્રયમાં રહેવું કલ્પતુ નથી.

૨૩. સાધ્વીઓને સાગારિકની નિશ્રાએ રહેવું કલ્પે છે.

૨૪. સાધુઓને સાગારિકની નિશ્રાવાળા કે નિશ્રા રહિતના એવા બંને પ્રકારના ઉપાશ્રયમાં રહેવું કલ્પે છે.

૨૫. સાધુ–સાધ્વીઓને સાગારિક (ગૃહસ્થના નિવાસવાળા) ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

૨૬. સાધુને સ્ત્રી–સાગારિક (કેવળ સ્ત્રીઓના નિવાસવાળા) ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

૨૭. સાધુને પુરુષ–સાગારિક કેવળ પુરુષોના નિવાસવાળા. ઉપાશ્રયમાં રહેવું કલ્પે છે.

૨૮. સાધ્વીઓને પુરુષ–સાગારિક કેવળ પુરુષોના નિવાસવાળા. ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

૨૯. સાધ્વીઓને સ્ત્રી–સાગારિક કેવળ સ્ત્રીઓના નિવાસવાળા. ઉપાશ્રયમાં રહેવાનું કલ્પે છે.

૩૦. સાધુઓને પ્રતિબદ્ધ શય્યામાં રહેવું ન કલ્પે.

**પ્રતિબદ્ધ એટલે ૧. દ્રવ્યથી જે ઉપાશ્રયમાં છતના પાટડા ગૃહસ્થના ઘરમાં સંબદ્ધ હોય. ૨. ભાવથી જ્યાં સ્ત્રી અને સાધુના મૂત્રાદિ સ્થાન એક હોય, બેસવાના સ્થાન એક હોય ઇત્યાદિ..**

૩૧. સાધ્વીઓને પ્રતિબદ્ધ શય્યામાં રહેવું કલ્પે છે. સાધ્વીને ગૃહસ્થ નિશ્રાયુક્ત સ્થાને રહેવાનું હોય આ અપવાદ કહેલ છે..

૩૨. ઘરની મધ્યે થઈને જે ઉપાશ્રયમાં જવા–આવવાનો માર્ગ હોય, તે ઉપાશ્રયમાં સાધુને રહેવું ન કલ્પે.

૩૩. ઘરની મધ્યે થઈને જે ઉપાશ્રયમાં જવા–આવવાનો માર્ગ હોય, તે ઉપાશ્રયમાં સાધ્વીને રહેવું કલ્પે છે.

૩૪. સાધુ કોઈના સ્થાનમાં કલહ થઈ જાય ત્યારે તે કલહને ઉપશાંત કરીને સ્વયં સર્વથા કલહ રહિત થઈ જાય– જેની સાથે કલહ થયેલો હોય –

૧. તે સાધુને ઇચ્છા હોય તો આદર કરે, ઇચ્છા ન હોય તો આદર ન પણ કરે.

૨. તે સાધુને ઇચ્છા હોય તો તેના સન્માનમાં ઊભો થાય અને ઇચ્છા ન હોય તો ન પણ ઊભા થાય.

૩. તે સાધુને ઇચ્છા હોય તો વંદના કરે અને ઇચ્છા ન હોય તો વંદના ન પણ કરે.

૪. તે સાધુને ઇચ્છા હોય તો સાથે ભોજન કરે, ઇચ્છા ન હોય તો સાથે ભોજન–ગૌચરી ન પણ કરે.

૫. તેને ઇચ્છા હોય તો સાથે રહે, ન હોય તો ન રહે.

૬. તેને ઇચ્છા હોય તો ઉપશાંત રહે, ન હોય તો ન રહે.

જે ઉપશાંત રહે છે, તેને સંયમની આરાધના થાય છે. જે ઉપશાંત નથી રહેતા તેને સંયમ આરાધના થતી નથી.– તેથી પોતે પોતાને તો ઉપશાંત કરી જ લેવા જોઈએ.

પ્રશ્ન – ભગવન્ ! આમ કેમ કહો છો ?

ઉત્તર – **ઉપશમ જ શ્રમણ જીવનનો સાર છે.**

૩૫. સાધુ અને સાધ્વીઓને વર્ષાવાસમાં (ચાતુર્માસમાં) વિહાર કરવો કલ્પતો નથી.

૩૬. સાધુ અને સાધ્વીઓને હેમંત અને ગ્રીષ્મઋતુમાં અર્થાત્ શિયાળા–ઉનાળામાં વિહાર કરવો કલ્પે છે.

૩૭. સાધુ અને સાધ્વીઓને વૈરાજ્ય–અરાજક કે વિરોધી રાજ્યમાં શીઘ્ર–જલદી જવું, શીઘ્ર આવવું અને શીઘ્ર જવું કે આવવું એટલે કે આવાગમન કરવું કલ્પતું નથી.

જે સાધુ–સાધ્વી વૈરાજ્ય અને વિરોધી રાજ્યમાં જલદી જવું, જલદી આવવું, જલદી આવાગમન કરે છે. તથા શીઘ્ર આવાગમન કરનારાનું અનુમોદન કરે છે. તે બંને અર્થાત્ તીર્થંકર અને રાજાની આજ્ઞાનું અતિક્રમણ કરતા–

અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે. અહીં વેરદ્ધરજ્જ શબ્દના અનેક અર્થ થાય છે.જેમ કે–

૧. જે રાજ્યમાં રહેનારાને પેઢી દરપેઢીથી વૈર ચાલતું હોય.

૨. જે બે રાજ્યોમાં વૈર ઉત્પન્ન થયેલ હોય.

૩. જ્યાંના રાજા બીજા રાજ્યના ગ્રામાદિ સળગાવતા હોય.

૪. જ્યાંના મંત્રી આદિ તેના રાજાથી વિરુદ્ધ હોય.

૫. જ્યાં રાજા મરી ગયો હોય કે હરાવી દેવાયો હોય.

જ્યાં બે રાજાના રાજ્યમાં પરસ્પર ગમનાગમન નિષેધ હોય એવા રાજ્યોને વિરુદ્ધ રાજ્ય કહે છે.

૩૮. ગૃહસ્થના ઘરમાં આહારને માટે પ્રવિષ્ટ નિર્ગ્રન્થને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રોંછન લેવા માટે કહે તો તેને 'સાકારકૃત' ગ્રહણ કરી અર્થાત્ આગાર રાખીને લે પછી–

આચાર્યના ચરણોમાં રાખી પુનઃ તેમની આજ્ઞા લઈ તેને પોતાની પાસે રાખવું અને ઉપયોગ કરવાનું કલ્પે છે.

૩૯. વિચારભૂમિ (મળ–મૂત્ર વિસર્જન સ્થાન) કે વિહારભૂમિ (સ્વાધ્યાય ભૂમિ)ને માટે ઉપાશ્રયથી બહાર નીકળેલ સાધુને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લેવાને માટે કહે તો વસ્ત્ર આદિને 'સાકારકૃત્' આગાર સહિત ગ્રહણ કરે તેને આચાર્યના ચરણોમાં રાખીને ફરી તેમની આજ્ઞા લઈને તે વસ્ત્રાદિને પોતાની પાસે રાખે અને તેનો ઉપયોગ કરવાનું કલ્પે છે.

૪૦. ગૃહસ્થના ઘરમાં આહારને માટે પ્રવિષ્ટ નિર્ગ્રન્થીને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રોંછન લેવાને માટે કહે તો તેને સાકારકૃત્ આગાર રાખીને ગ્રહણ કરે.

ત્યારપછી પ્રવર્તિનીના ચરણોમાં રાખીને, તેમની ફરી આજ્ઞા લઈને તેને પોતાની પાસે રાખે અને તે વસ્ત્રાદિનો ઉપયોગ કરવાનું તે સાધ્વીને કલ્પે છે.

૪૧. વિચારભૂમિ કે સ્વાધ્યાય ભૂમિને માટે ઉપાશ્રયની બહાર ગયેલ સાધ્વીને જો કોઈ વસ્ત્રાદિ લેવા માટે કહે તો આગાર રાખી ગ્રહણ કરે પછી પ્રવર્તિની ચરણોમાં રાખી, ફરી આજ્ઞા લઈને તેને પોતાની પાસે રાખે કે ઉપયોગ કરવાનું કલ્પે છે.

૪૨. સાધુ અને સાધ્વીને રાત્રિમાં કે વિકાલમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લેવા કલ્પતા નથી.

૪૩. માત્ર એક પૂર્વ પ્રતિલેખિત શય્યા લેવી કલ્પે છે.

૪૪. સાધુ અને સાધ્વીને રાત્રિમાં કે વિકાલમાં વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રોંછનક લેવું કલ્પતુ નથી.

૪૫. માત્ર એક હૃતાહૃતિક (પહેલા હરાઈ ગયેલ અને પછી) આહૃત કરેલ (પાછું મેળવેલ વસ્ત્ર).

તે વસ્ત્ર પરિભુક્ત, ધૌત, રંગેલ, ધૃષ્ટ, મૃષ્ટ કે સંપ્રધૂમિત પણ કરી દેવાયેલ હોય તો પણ રાત્રે લેવું કલ્પે છે.

**પરિભુક્ત – તે વસ્ત્રાદિને ચોરી જનારે જો તેને ઓઢવા આદિના ઉપયોગમાં લીધેલું હોય. ધૌત – પાણીથી ધોયેલ હોય. રક્ત – પાંચ પ્રકારના રંગમાંથી કોઈ રંગે રંગેલ હોય. ધૃષ્ટ – વસ્ત્રાદિ ઉપરના ચિહ્ન ઘસીને મીટાવી દીધા હોય. મૃષ્ટ – દ્રવ્ય વિશેષથી તે વસ્ત્ર કોમળ બનાવેલ હોય. સંપ્રધૂમિત – સુગંધિત કર્યું હોય..**

૪૬. સાધુ–સાધ્વીને રાત્રે કે વિકાલમાં માર્ગમાં ગમન–આગમન કરવું કલ્પતું નથી.

૪૭. સાધુ–સાધ્વીને રાત્રે કે વિકાલે સંખડીને માટે સંખડી સ્થલે (અન્યત્ર)જવાનું કલ્પતું નથી.

૪૮. એકલા સાધુને રાત્રે કે વિકાલે ઉપાશ્રયથી બહાર વિચારભૂમિમાં કે વિહારભૂમિમાં આવાગમન ન કલ્પે.

તેણે એક કે બે નિર્ગ્રન્થોને સાથે લઈને રાત્રે કે વિકાલે ઉપાશ્રયની સીમાથી બહાર વિચારભૂમિમાં કે વિહાર–ભૂમિમાં આવવા કે જવાનું કલ્પે છે. એકલા નહીં..

૪૯. એકલી સાધ્વીને રાત્રે કે વિકાલે ઉપાશ્રયની બહાર વિચારભૂમિ કે વિહારભૂમિમાં આવાગમન ન કલ્પે.

એક, બે કે ત્રણ સાધ્વી સાથે લઈ રાત્રે કે વિકાલે ઉપાશ્રય બહાર વિચાર કે વિહારભૂમિમાં આવાગમન કલ્પે

૫૦. સાધુ–સાધ્વીને પૂર્વ દિશામાં અંગ–મગધ સુધી, દક્ષિણ દિશામાં કૌશાંબી સુધી, પશ્ચિમ દિશામાં સ્થૂણા દેશ સુધી, ઉત્તર દિશામાં કુણાલ દેશ સુધી જવાનું કલ્પે છે.

આટલું જ આર્યક્ષેત્ર છે, તેની બહાર જવું ન કલ્પે.

તદુપરાંત જ્યાં જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ થતી હોય ત્યાં વિચરણ કરે. તેમ હું કહું છું.

## બૃહત્કલ્પસૂત્રના ઉદ્દેશા–૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૨

**બૃહત્કલ્પ સૂત્રનો આ બીજો ઉદ્દેશો કહેવાય છે, તેમાં સૂત્ર–૫૧થી ૮૦ એટલે કે કુલ–૩૦ સૂત્રો છે.**

**આ ૩૦ સૂત્રોનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–**

૫૧. ઉપાશ્રયના અંદરના ભાગમાં ૧. શાલિ, ૨. વ્રીહિ, ૩. મગ, ૪. અડદ, ૫. તલ, ૬. કુલથ, ૭. ઘઉં, ૮. જવ ૯. જુવાર–

સવ્યવસ્થિત રાખેલા હોય કે સ્થાને–સ્થાને રાખેલ હોય કે વિખરાયેલા હોય કે અત્યધિક વિખરાયેલા હોય.

તો સાધુ–સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' એટલે કે ભીના હાથની રેખા સૂકાય તેટલો કાળ પણ રહેવું ન કલ્પે.

૫૨. જો એમ જાણે કે ઉપાશ્રયમાં શાલિ યાવત્ જુવાર ઉત્ક્ષિપ્ત, વિક્ષિપ્ત, વ્યતિકીર્ણ અને વિપ્રકીર્ણ નથી.

પરંતુ રાશીકૃત–સરખા ઢગલારૂપે, પુંજકૃત–વ્યવસ્થિત પુંજ–એકત્ર કરેલ, ભિત્તિકૃત–એકતરફ ભીંતે રાખેલ, કુલકિ કૃત–કુંડી આદિમાં રખાયેલ, લાંછિત–ચિહ્ન કરાયેલ, મુદ્રિત–છાણ આદિથી લિંપીત, વિહત–ઢાંકેલ છે.

તો ત્યાં શિયાળા, ઉનાળામાં રહેવું કલ્પે છે.

૫૩. જો સાધુ–સાધ્વી એમ જાણે કે ઉપાશ્રયમાં શાલિ યાવત્ જુવાર રાશિકૃત, પુંજીકૃત, ભિત્તિકૃત કે કુલિકાકૃત નથી.

પરંતુ કોઠામાં, પલ્યમાં ભરેલ છે, માંચા ઉપર કે માળા ઉપર સુરક્ષિત છે, માટી કે છાણથી લીંપેલ છે, ઢાંકેલ છે, ચિહ્ન કરેલ છે, મહોર લગાડેલ છે,

તો તેને ત્યાં વર્ષાવાસ અર્થાત્ ચોમાસું રહેવાનું કલ્પે છે.

૫૪. ઉપાશ્રયમાં સુરા અને સૌવીરથી ભરેલા કુંભ રાખેલ હોય તો સાધુ–સાધ્વીને ત્યાં 'યથાલંદકાળ' પણ રહેવું ન કલ્પે.

કદાચ ગવેષણા કરતા અન્ય ઉપાશ્રય ન મળે તો આ ઉપાશ્રયમાં એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે. પરંતુ એક કે બે રાત્રિથી અધિક રહેવું તેમને કલ્પતું નથી.

જે ત્યાં એક કે બે રાત્રિથી અધિક રહે છે, તે મર્યાદાના ઉલ્લંઘનને કારણે દીક્ષા–છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય.

૫૫. ઉપાશ્રયમાં અચિત્ત શીતળ કે ઉષ્ણ પાણીના ભરેલા કુંભ રાખેલ હોય તો સાધુ–સાધ્વીને ત્યાં 'યથાલંદ કાળે' પણ રહેવું ન કલ્પે.

કદાચ ગવેષણા કરવા છતાં પણ બીજો ઉપાશ્રય ન મળે તો ઉક્ત ઉપાશ્રયમાં એક કે બે રાત્રિ રહેવું કલ્પે પણ તેનાથી અધિક રહેવું ન કલ્પે.

જે ત્યાં એક કે બે રાત્રિથી અધિક રહે, તે મર્યાદા ઉલ્લંઘનના કારણે દીક્ષા–છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત પાત્ર થાય

૫૬. ઉપાશ્રયમાં આખી રાત્રિ અગ્નિ સળગતો હોય તો

સાધુ–સાધ્વીને ત્યાં યથાલંદકાળ પણ રહેવું ન કલ્પે.

**શેષપાઠ સૂત્ર–૫૫ મુજબ જાણવો.**

૫૭. ઉપાશ્રયમાં આખી રાત્રિ દીપક સળગતો હોય તો

સાધુ–સાધ્વીને ત્યાં યથાલંદકાળ પણ રહેવું ન કલ્પે.

૫૮. ઉપાશ્રયમાં પીંડરૂપ ખાદ્ય, માવો આદિ, દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, માલપૂવા, પૂરી, શ્રીખંડ – એ બધું ઉત્ક્ષિપ્ત, વ્યતિકીર્ણ અને વિપ્રકીર્ણ હોય તો

સાધુ–સાધ્વીને ત્યાં યથાલંદકાળ રહેવું પણ ન કલ્પે.

૫૯. પરંતુ જો એમ જાણે કે તે પદાર્થો ઉત્ક્ષિપ્તાદિ નથી, પરંતુ રાશીકૃત, પુંજકૃત, ભીંતે રાખેલ, કુલિકાકૃત, લાંછિત, મુદ્રિત કે ઢાંકેલા છે,

તો સાધુ–સાધ્વીને ત્યાં શિયાળો અને ઉનાળો – એ શેષકાળમાં રહેવું કલ્પે.

૬૦. જો જાણે કે પદાર્થ રાશિકૃત આદિ નથી. પણ કોઠા–પાલ્યમાં ભરેલ છે, માંચા કે માળા ઉપર સુરક્ષિત છે. કુંભી આદિમાં ધારણ કરેલ છે, માટી કે છાણથી લિપ્ત છે, ઢાંકેલ કે લાંછિત છે,

તો ત્યાં વર્ષાવાસમાં રહેવું કલ્પે.

૬૧. સાધ્વીઓને આગમનગૃહમાં, ચોતરફ ખુલ્લા ઘરમાં, છાપરા નીચે કે વાંસની જાળીવાળા ઘરમાં, વૃક્ષથી નીચે કે આકાશ નીચે રહેવું ન કલ્પે.

૬૨. સાધુઓને આગમનગૃહમાં, ચોતરફ ખુલ્લા ઘરમાં, છાપરા નીચે કે વાંસની જાળીવાળા ઘરમાં, વૃક્ષથી નીચે કે આકાશ નીચે રહેવું કલ્પે.

૬૩. જે મકાનમાં એક સ્વામી પારિહારિક હોય, જેમાં બે, ત્રણ, ચાર કે પાંચ સ્વામી હોય, ત્યાં એકને કલ્પાક–શય્યાતર માનીને, બાકીનાને શય્યાતર ન માનવા. અર્થાત્ તેમના ઘરોમાં આહારાદિ લેવાને જઈ શકે છે.

૬૪. સાધુ–સાધ્વીને સાગારિક પીંડ જે બહાર કઢાયેલ ન હોય, તે અન્ય કોઈના આહારમાં મિશ્રિત કરેલ હોય કે ન હોય પણ લેવાનું કલ્પતુ નથી.

૬૫. સાધુ–સાધ્વીને સાગારિક પીંડ જે બહાર કઢાયેલ હોય, પરંતુ બીજાના આહારમાં મિશ્રિત ન કરાયેલ હોય તો લેવાનું કલ્પતું નથી.

૬૬. સાધુ–સાધ્વીને સાગારિક પીંડ જે ઘરની બહાર પણ લઈ જવાયેલ હોય અને બીજાના આહારમાં મિશ્રિત પણ કરાયેલ હોય તો ગ્રહણ કરવો કલ્પે.

૬૭. સાધુ–સાધ્વીને જે સાગારિક પીંડ ઘરની બહાર લઈ જવાયેલ હોય, પણ બીજાના આહારમાં મિશ્રિત ન કરાયેલ હોય, તેને મિશ્રિત કરાવવો કલ્પતો નથી.

૬૮. જે સાધુ–સાધ્વી ઘરની બહાર લઈ જવાયેલ તથા બીજાના આહારમાં અમિશ્રિત સાગારિક પીંડને મિશ્રિત કરાવે છે, કે કરાવનારનું અનુમોદન કરે છે...

તે લૌકીક અને લોકોત્તર બંને મર્યાદાનું અતિક્રમણ કરતો ચાતુર્માસિક અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તનો ભાગીદાર થાય છે.

૬૯. બીજા ઘેરથી આવેલ આહાર સાગારિકે પોતાના ઘેર ગ્રહણ કરેલ હોય અને તેમાંથી આપેતો લેવો ન કલ્પે

૭૦. બીજા ઘેરથી આવેલા આહારને સાગારિકે પોતાના ઘેર ગ્રહણ ન કરેલ હોય, અને જો આહાર લાવનારો તે આહારમાંથી આપે તો સાધુને લેવો કલ્પે છે.

૭૧. સાગારિકના ઘેરથી બીજે ઘેર લઈ જવાયેલ આહારને તે ગૃહસ્વામીએ જો સ્વીકાર ન કર્યો હોય, તો તે આહારમાંથી કોઈ સાધુને આપે તો તેને લેવો કલ્પતો નથી.

૭૨. ઉક્ત આહાર ગૃહસ્વામીએ સ્વીકાર કરી લીધો હોય અને તેમાંથી સાધુને આપે તો લેવો કલ્પે છે.

૭૩. સાગારિક તથા અન્ય વ્યક્તિનો સંયુક્ત આહારને જો –

૧. વિભાગ નિશ્ચિત ન કરેલ હોય, ૨. વિભાગ ન કરેલ હોય,

૩. સાગારિકનો વિભાગ અલગ નિશ્ચિત ન કરાયો હોય, ૪. વિભાગ બહાર કાઢી અલગ ન કર્યો હોય –

આવો આહાર કોઈ સાધુને આપે તો લેવો કલ્પતો નથી.

૭૪. પરંતુ ઉક્ત આહારનો વિભાગ નિશ્ચિત હોય, કરી દીધો હોય, સાગારિકનો વિભાગ નિશ્ચિત હોય, તે

વિભાગને બહાર કાઢી લીધો હોય, તો શેષ આહાર કોઈ આપે તો લેવો કલ્પે.

૭૫ થી ૭૮. સાગારિકે પોતાના પૂજ્ય પુરુષોના સન્માન માટે ભોજન દીધું હોય, પૂજ્ય પુરુષો દ્વારા તે આહાર સાગારિકના ઉપકરણોમાં બનાવાયેલ હોય અને પ્રાતિહારિક હોય, એવા આહારમાંથી –

૧. જો સાગારિક કે તેના પરિવારના આપે તો લેવો ન કલ્પે,

૨. સાગારિક કે તેના પરિવારના ન આપે, પણ સાગારિકના પૂજ્ય પુરુષો આપે તો પણ લેવો ન કલ્પે. ઉક્ત આહાર અપ્રાતિહારિક હોય,

તેમાંથી ૧. સાગારિક કે તેના પરિવારજન આપે તો ન કલ્પે,

૨. જો તેમના પૂજ્ય પુરુષો આપે તો તેવો આહાર લેવો કલ્પે.

૭૯. સાધુ–સાધ્વીને પાંચ પ્રકારના વસ્ત્રો રાખવા કે તેનો ઉપયોગ કરવો કલ્પે છે – મંગિક, ભંગિક, શાણક, પોતક, તિરિપટ્ટક.

૮૦. સાધુ–સાધ્વીને આ પાંચ પ્રકારના રજોહરણ રાખવા કે તેનો ઉપયોગ કરવો કલ્પે – ઔર્ણિક, ઔષ્ટ્રિક, શાણક, વચ્ચાચિપ્પક અને મુંજચિપ્પક (કોઈ ઘાસ વિશેષ).

**બૃહત્કલ્પસૂત્રના ઉદ્દેશા–૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

# ઉદ્દેશો–૩

**બૃહત્કલ્પ સૂત્રના આ ત્રીજા ઉદ્દેશામાં સૂત્ર-૮૧થી ૧૧૦ એટલે કે કુલ-૩૦ સૂત્રો છે. તેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે–**

૮૧. સાધુને–સાધ્વીઓને ઉપાશ્રયમાં ઊભું રહેવું, બેસવું, સૂવું, નિદ્રા લેવી, ઊંઘી જવું, અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો આહાર કરવો. મળ–મૂત્ર–કફ–નાકના મેલનો ત્યાગ કરવો, સ્વાધ્યાય કરવો, ધ્યાન કરવું, કાયોત્સર્ગ કરીને રહેવાનું કલ્પતુ નથી.

૮૨. એ રીતે સાધ્વીને, સાધુના ઉપાશ્રયમાં ન કલ્પે.

૮૩. સાધ્વીને રોમ રહિત ચર્મ ઉપર બેસવું ન કલ્પે.

૮૪. સાધુને રોમ રહિત ચર્મનો ઉપયોગ કલ્પે છે,

પણ તે ચર્મ ઉપયોગમાં લેવાયેલ હોય, નવું ન હોય, પાછું દેવાનું હોય, કેવળ એક રાત્રિમાં ઉપયોગ કરવાને માટે લવાય પણ અનેક રાત્રિના ઉપયોગ માટે ન લવાય.

૮૫. સાધુ–સાધ્વીને અખંડ ચર્મ રાખવું કે ઉપયોગ કરવાનું કલ્પતુ નથી.

૮૬. પણ ચર્મખંડ રાખવું કે ઉપયોગ કરવું કલ્પે છે.

૮૭. સાધુ–સાધ્વીને અખંડ વસ્ત્રો રાખવા કે ઉપયોગ કરવાનું કલ્પતુ નથી.

પણ ખંડિત–ટૂકડા કરેલા વસ્ત્રો રાખવા કે ઉપયોગ કરવાનું કલ્પે છે.

૮૮. સાધુ–સાધ્વીને અભિન્ન વસ્ત્રો રાખવા કે ઉપયોગ કરવાનું કલ્પતુ નથી.

સાધુ–સાધ્વીને ભિન્ન વસ્ત્રોને રાખવા કે ઉપયોગમાં લેવાનું કલ્પે છે.

૮૯. સાધુને અવગ્રહાનંતક અને અવગ્રહપટ્ટક રાખવા કે ઉપયોગ કરવાનું ન કલ્પે.

૯૦. સાધ્વીને અવગ્રહાનંતક અને અવગ્રહપટ્ટક રાખવો અને ઉપયોગ કરવાનું કલ્પે છે.

૯૧. ગૃહસ્થના ઘેર આહારને માટે ગયેલ સાધ્વીને જો વસ્ત્રની આવશ્યકતા હોય તો પોતાની નિશ્રાથી વસ્ત્ર લેવું ન કલ્પે

પણ પ્રવર્તિનીની નિશ્રાએ વસ્ત્ર લેવું કલ્પે છે.

જો ત્યાં પ્રવર્તિની વિદ્યમાન ન હોય તો.....

આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર કે ગણાવચ્છેદક હોય અથવા જેની મુખ્યતામાં વિચરતી હોય, તેની નિશ્રાએ લેવું કલ્પે.

૯૨. ગૃહવાસનો ત્યાગ કરી સર્વ પ્રથમ પ્રવ્રજિત થનાર સાધુને રજોહરણ, ગુચ્છા, પાત્ર તથા ત્રણ અખંડ વસ્ત્ર લઈને પ્રવ્રજિત થવું કલ્પે.

જો તે પહેલાં દીક્ષિત થઈ ચૂકેલ હોય તો તેને રજોહરણ, ગુચ્છા, પાત્ર, ગણ, અખંડ વસ્ત્ર લઈ પ્રવ્રજિત થવું કલ્પતું નથી,

પરંતુ પૂર્વગૃહીત વસ્ત્રો લઈને પ્રવ્રજિત થવું કલ્પે છે, પરંતુ–

૯૩. જો સાધ્વી માટે આ સૂત્ર વિચારીએ તો ફર્ક માત્ર એટલો કે – ચાર અખંડ વસ્ત્રો કહેવા, બાકી સૂત્રપાઠ ઉપર મુજબ જાણવો.

૯૪. સાધુ–સાધ્વીને પહેલાં સમોસરણ – (વર્ષાવાસમાં) વસ્ત્ર ગ્રહણ કરવા ન કલ્પે,

બીજા સમોસરણમાં – (ચોમાસા પછી) લેવા કલ્પે.

૯૫. સાધુ–સાધ્વીઓને ચારિત્ર પર્યાયના ક્રમથી– વસ્ત્ર ગ્રહણ કરવા કલ્પે છે.

૯૬. સાધુ–સાધ્વીઓને ચારિત્ર પર્યાયના ક્રમથી– શય્યા–સંસ્તારક ગ્રહણ કરવા કલ્પે છે.

૯૭. સાધુ–સાધ્વીઓને ચારિત્ર પર્યાયના ક્રમથી– વંદન કરવાનું કલ્પે છે.

૯૮. સાધુ–સાધ્વીઓને ગૃહસ્થના ઘરમાં–

રોકાવું, બેસવું, સૂવું, નિદ્રા લેવી, ઊંઘવું, અશન–પાન–ખાદિમ–સ્વાદિમ આહાર કરવો, મળ–મૂત્ર–કફ–બળખા પરઠવવા, સ્વાધ્યાય–ધ્યાન કરવું, કાયોત્સર્ગમાં રહેવું ન કલ્પે.

અહીં આ વિશેષ જાણવું કે સાધુ વ્યાધિગ્રસ્ત, વૃદ્ધ, તપસી, દુર્બળ, થાકેલ કે ગભરાયેલ હોય તે કદાચ મૂર્ચ્છિત થઈને પડે તો તેને ગૃહસ્થના ઘેર રહેવું યાવત્ કાયોત્સર્ગ કરવો કલ્પે છે.

૯૯. સાધુ–સાધ્વીઓને ગૃહસ્થના ઘરમાં

ચાર કે પાંચ ગાથા દ્વારા કથન કરવું, અર્થ કહેવો, ધર્માચરણનું ફળ કહેવું અને વિસ્તૃત વિવેચન કરવું ન કલ્પે.

પણ આવશ્યક હોય તો કેવળ એક દૃષ્ટાંત, એક પ્રશ્નોત્તર, એક ગાથા કે એક શ્લોક દ્વારા કથન કરવું કલ્પે છે. તે પણ ઊભા રહીને, બેસીને નહીં.

૧૦૦. સાધુ–સાધ્વીઓને ગૃહસ્થના ઘરમાં–

ભાવના સહિત પંચ મહાવ્રત કથન, અર્થ–વિસ્તાર કે મહાવ્રત ચરણનું ફળ કહેવું અને વિસ્તૃત વિવેચન કરવું ન કલ્પે.

પણ આવશ્યકતાનુસાર એક દૃષ્ટાંતથી યાવત્ ઊભા રહીને કહે.

૧૦૧. પ્રાતિહારિક શય્યાસંથારો, તેના સ્વામીને સોંપ્યા વિના ગ્રામાંતર ગમન કરવું સાધુ–સાધ્વીને ન કલ્પે.

૧૦૨. સાગારિક શય્યા–સંસ્તારકને વ્યવસ્થિત કર્યા વિના ગ્રામાંતર જવું સાધુ–સાધ્વીને ન કલ્પે.

પરંતુ તેને વ્યવસ્થિત કરીને ગ્રામાંતર જવું સાધુ–સાધ્વીને કલ્પે છે.

૧૦૩. સાધુ–સાધ્વીને પ્રાતિહારિક કે સાગારિક શય્યા–સંથારો જો ગુમ થઈ જાય તો તેને શોધવો જોઈએ.

શોધતા મળે તો આપી દેવો જોઈએ,

શોધતા પણ કદાચ ન મળે તો ફરી આજ્ઞા લઈને બીજા શય્યા–સંસ્તારક ગ્રહણ કરી ઉપયોગમાં લેવો કલ્પે.

૧૦૪. જે દિવસે સાધુ શય્યા–સંથારો છોડીને વિહાર કરે તે દિવસે, તે સમયે બીજા સાધુ આવી જાય તો તે જ પૂર્વગ્રહિત આજ્ઞાથી જેટલો સમય રહેવું હોય, તે શય્યાદિ ગ્રહણ કરી રહી શકે.

૧૦૫. જો ઉપયોગમાં આવનાર કોઈ અચિત્ત ઉપકરણ ત્યાં હોય તો પૂર્વની આજ્ઞાથી જેટલો કાળ રહે, ઉપયોગ કરી શકે છે.

૧૦૬. જે ઘરમાં કામમાં ન આવતું હોય, કુટુંબ દ્વારા વિભાજિત ન હોય, બીજા કોઈનું પ્રભુત્વ ન હોય કે દેવ દ્વારા અધિકૃત હોય તેમાં તે જ પૂર્વસ્થિત સાધુની આજ્ઞાથી જેટલું રહેવું હોય તે રહે.

૧૦૭. તે જ ઘર આગંતુક સાધુના રહ્યા પછી કામમાં આવવા લાગે. કુટુંબ દ્વારા વિભાજિત થઈ ગયું હોય. બીજા વડે પરિગૃહીત હોય,

તો ભિક્ષુભાવથી રહેવા માટે બીજી વાર આજ્ઞા લેવી જોઈએ.

૧૦૮. ઘર, ભીંત, કિલ્લા અને નગર મધ્યેનો માર્ગ, ખાઈ, રસ્તા કે વાડ નજીક સ્થાન ગ્રહણ કરવું હોય તો તેના સ્વામી, રાજાની પૂર્વાનુજ્ઞા છે, ત્યાં કોઈની આજ્ઞા લીધા વિના સાધુ રહી શકે.

**૧૦૯**. ગામ યાવત્ રાજધાનીની બહાર શત્રુસેનાનો પડાવ હોય તો

સાધુ–સાધ્વીને ગૌચરી માટે વસતીમાં જઈને તે જ દિવસે પાછું આવવું કલ્પે છે. પણ ત્યાં રાત રહેવું ન કલ્પે.

જો તેઓ રાત્રિ રહે કે રહેનારને અનુમોદે તે જિનાજ્ઞા અને રાજાજ્ઞા બંનેને અતિક્રમતા ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત પામે છે.

**૧૧૦**. સાધુ–સાધ્વીને ગામ યાવત્ સંનિવેશમાં ચોતરફથી સવા યોજનનો અવગ્રહ ગ્રહણ કરી રહેવું કલ્પે છે. એક દિશામાં અઢી કોશ આવવું–જવું કલ્પે.

## બૃહત્કલ્પસૂત્રના ઉદ્દેશા–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૪

**બૃહત્કલ્પના આ ઉદ્દેશામાં સૂત્ર–૧૧૧થી ૧૪૨ એટલે કે કુલ–૩૨ સૂત્રો છે. જેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–**

૧૧૧. અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્તને યોગ્ય ત્રણ કહેલા છે, જેમ કે –

૧. હસ્તકર્મ કરનાર, ૨. મૈથુનસેવી, ૩. રાત્રિ ભોજનકર્તા.

૧૧૨. પારાંચિત પ્રાયશ્ચિત્ત યોગ્ય ત્રણ કહ્યા છે –

દુષ્ટ, પ્રમત્ત અને પરસ્પર મૈથુનસેવી પારાંચિક.

૧૧૩. અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત યોગ્ય ત્રણ કહેલાં છે –

૧. સાધર્મિકોની ચોરી કરનાર, ૨. અન્યધાર્મિકોની ચોરી કરનાર, ૩. પોતાના હાથોથી પ્રહાર કરનાર.

૧૧૪. આ ત્રણને પ્રવ્રજિત કરવા ન કલ્પે –

પંડક એટલે કે જન્મ નપુંસક, વાતિક – કામવાસના દમિક, ક્લીબ – અસમર્થ.

૧૧૫. ઉક્ત ત્રણેને મુંડિત કરવા, શિક્ષિત કરવા, ઉપસ્થાપિત કરવા, એક મંડલીમાં બેસાડી આહાર કરવો, સાથે રાખવા ન કલ્પે.

૧૧૬. ત્રણને વાંચના દેવી ન કલ્પે –

૧. અવિનિત, ૨. વિગઈ પ્રતિબદ્ધ, ૩. અનુપશાંત ક્રોધી.

ત્રણને વાંચના દેવી કલ્પે –

૧. વિનીત, ૨. વિગઈ પ્રતિબદ્ધ અને ૩. ઉપશાંત ક્રોધ કરનાર.

૧૧૭. આ ત્રણ દુઃસંજ્ઞાપ્ય – દુર્બોધ્ય છે. જેમ કે –

દુષ્ટ, મૂઢ અને વ્યુદ્‌ગ્રાહિત.

૧૧૮. આ ત્રણ સુસંજ્ઞાપ્ય – સુબોધ્ય છે. જેમ કે –

અદુષ્ટ, અમૂઢ અને અવ્યુદ્‌ગ્રાહિત.

૧૧૯. ગ્લાન સાધ્વીના પિતા, ભાઈ કે પુત્ર પડતી એવી સાધ્વીને હાથનો ટેકો આપે, પડેલીને ઊભી કરે, જાતે ઉઠવા–બેસવામાં અસમર્થ હોય તેને ઉઠાડે–બેસાડે, તે સમયે તે સાધ્વી મૈથુનસેવી પરિણામથી પુરુષ સ્પર્શનું અનુમોદન કરે તો અનુદ્‌ઘાતિક ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

૧૨૦. ગ્લાન સાધુની માતા, બહેન, પુત્રી પડતા એવા સાધુને હાથનો ટેકો આપે – યાવત્ બેસાડે, ત્યારે તે સાધુ મૈથુન સેવન પરિણામથી સ્ત્રીસ્પર્શને અનુમોદે તો અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત.

૧૨૧. સાધુ–સાધ્વીને પહેલી પોરીસીમાં ગ્રહણ કરેલ અશન યાવત્ સ્વાદિમને છેલ્લી પોરીસી સુધી પાસે રાખવા ન કલ્પે.

જો રહી જાય, તો સ્વયં ન ખાય, બીજાને ન આપે, એકાંત અને સર્વથા અચિત્ત સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરી તે આહારને પરઠવી દે.

**જો તે આહાર સ્વયં ખાય કે બીજાને આપે તો ઉદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય.**

૧૨૨. સાધુ અને સાધ્વીને અશનાદિ આહાર અર્ધયોજનની મર્યાદાથી આગળ લઈ જવો ન કલ્પે. જો રહી જાય તો તે આહારને સ્વયં ન ખાય,

ઈત્યાદિ પાઠ સૂત્ર–૧૨૧ મુજબ જાણવો.

૧૨૩. ગૌચરી માટે ગૃહસ્થના ઘરમાં પ્રવિષ્ટ સાધુ દ્વારા કોઈ દોષયુક્ત અચિત્ત આહારાદિ ગ્રહણ થઈ જાય તો

– તે આહાર જો કોઈ ત્યાં અનુપસ્થાપિત શિષ્ય હોય તો તેને દેવો અથવા એષણીય આહાર દીધા પછી દેવો કલ્પે.

જો કોઈ અનુપસ્થાપિત શિષ્ય ન હોય તો તે અનૈષણીય આહારને સ્વયં ન ખાય, ન બીજાને આપે. પણ એકાંત અને અચિત્ત પ્રદેશનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરી યથાવિધ પરઠવી દેવો જોઈએ.

૧૨૪. જે આહાર કલ્પસ્થિતોને માટે બનાવાયેલ હોય, તે અકલ્પસ્થિતોને લેવો કલ્પે છે, પણ કલ્પસ્થિતોને લેવો ન કલ્પે.

જે આહાર અકલ્પસ્થિતો માટે બનાવેલો હોય, તે કલ્પસ્થિતોને ન કલ્પે, પણ અન્ય અકલ્પસ્થિતોને કલ્પે.

જે કલ્પમાં સ્થિત છે તે કલ્પસ્થિત કહેવાય, જે કલ્પમાં સ્થિત નથી તે અકલ્પસ્થિત કહેવાય.

૧૨૫. જો કોઈ સાધુ સ્વગણને છોડીને અન્ય ગણનો સ્વીકાર કરવા ઇચ્છે તો –

તેણે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર કે ગણાવચ્છેદકને પૂછ્યા વિના ગણ સ્વીકાર ન કલ્પે.

પણ આચાર્ય યાવત્ ગણાવચ્છેદક ને પૂછીને અન્ય ગણનો સ્વીકાર કરવો કલ્પે છે. જો આજ્ઞા ન આપે તો સ્વીકાર કરવો ન કલ્પે.

૧૨૬. **જો ગણાવચ્છેદક સ્વગણ છોડીને શ્રુતગ્રહણ માટે બીજા ગણનો સ્વીકાર કરવા ઇચ્છે તો, તેને પોતાના પદનો ત્યાગ કરીને જ કલ્પે.**

આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછ્યા વિના તેને બીજા ગણનો સ્વીકાર કરવો ન કલ્પે, પણ તેમને પૂછીને જ કલ્પે.

જો તેઓ આજ્ઞા આપે તો તેને અન્ય ગણનો સ્વીકાર કરવો કલ્પે, જો તેઓ આજ્ઞા ન આપે તો અસ્વીકાર કરવો ન કલ્પે.

૧૨૭. જો આચાર્ય કે ઉપાધ્યાય સ્વગણ છોડીને બીજા ગણનો સ્વીકાર કરવા ઇચ્છે તો તેઓને પોતાના પદનો ત્યાગ કર્યા વિના બીજા ગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

બાકીનું સૂત્ર–૧૨૬ મુજબ બધું કહી દેવું .

૧૨૮. સાધુ જો પોતાના ગણથી નીકળીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર સ્વીકાર કરવા ઇચ્છે તો –

આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછ્યા વિના બીજા ગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો ન કલ્પે,

પરંતુ આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે.

જો આજ્ઞા આપે તો બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે, આજ્ઞા ન આપે તો ન કલ્પે.

પરંતુ જ્યાં સંયમધર્મની ઉન્નતિ ન થતી હોય ત્યાં બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો ન કલ્પે.

૧૨૯. ગણાવચ્છેદક જો સ્વગણથી નીકળીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર સ્વીકારવા ઇચ્છે તો ગણાવચ્છેદક પદનો ત્યાગ કર્યા વિના બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવો ન કલ્પે, પણ પદનો ત્યાગ કરીને જ કલ્પે. શેષ સર્વ સૂત્ર,

પૂર્વસૂત્ર–૧૨૮ પ્રમાણે 'આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને' થી જાણવું.

૧૩૦. આચાર્ય કે ઉપાધ્યાય જો સ્વગણથી નીકળીને બીજા ગણ સાથે સાંભોગિક વ્યવહાર કરવા ઇચ્છે તો શેષ સૂત્ર–૧૨૯ મુજબ સર્વસૂત્ર જાણવું.

૧૩૧. જો સાધુ બીજા ગણના આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવાને માટે જવા ઇચ્છે તો પોતાના આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછ્યા વિના બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું ન કલ્પે.

પરંતુ આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને જ જવાનું કલ્પે છે. જો તેઓ આજ્ઞા આપે તો અન્ય

આચાર્ય, ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું કલ્પે, આજ્ઞા ન આપે તો ન કલ્પે.

તેમને કારણ બતાવ્યા વિના અન્ય આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું ન કલ્પે.

**૧૩૨**. ગણાવચ્છેદક જે બીજા ગણના આચાર્ય, ઉપાધ્યાયને વાંચના દેવા જવાને ઇચ્છે તો પોતાનું પદ છોડ્યા વિના બીજા આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવાનું ન કલ્પે ઇત્યાદિ બધું પૂર્વ સૂત્રવત્ જાણવું.

**૧૩૩**. આચાર્ય કે ઉપાધ્યાય જો અન્ય આચાર્ય કે ઉપાધ્યાયને વાંચના દેવા જવા ઇચ્છે તો પોતાનું પદ છોડ્યા વિના જવું ન કલ્પે ઇત્યાદિ બધું પૂર્વ સૂત્રવત્ જાણવું.

**૧૩૪**. જો કોઈ સાધુ રાત્રે કે વિકાલે મૃત્યુ પામે તો તે મૃતભિક્ષુના શરીરની કોઈ વૈયાવૃત્ય કરનારા સાધુ એકાંતમાં સર્વથા અચિત્ત પ્રદેશે પરઠવવા ઇચ્છે ત્યારે –

ત્યાં ઉપયોગમાં આવવા યોગ્ય ગૃહસ્થના અચિત્ત ઉપકરણ–વહન યોગ્ય કાષ્ઠ હોય તો તેને પ્રાતિહારિકપણે ગ્રહણ કરે અને તેનાથી મૃતભિક્ષુના શરીરને એકાંતમાં સર્વથા અચિત્ત પ્રદેશે પરઠવી, તે વહનકાષ્ઠને યથાસ્થાને રાખી દેવું જોઈએ.

**૧૩૫**. જો કોઈ સાધુ કલહ કરીને તેને ઉપશાંત ન કરે તો તેને ગૃહસ્થોના ઘરમાં ભોજન–પાનને માટે નિષ્ક્રમણ–પ્રવેશ કરવો ન કલ્પે.

તેને ઉપાશ્રય બહાર સ્વાધ્યાય ભૂમિમાં કે ઉચ્ચાર અને પ્રસ્રવણ ભૂમિમાં આવવું–જવું ન કલ્પે.

તેને ગ્રામાનુગ્રામ વિહાર કરવો ન કલ્પે.

તેને એક ગણથી બીજા ગણમાં સંક્રમણ કરવું અને વર્ષાવાસ અર્થાત્ ચોમાસું રહેવું ન કલ્પે.

પરંતુ જ્યાં પોતાના બહુશ્રુત અને બહુઆગમજ્ઞ આચાર્ય અને ઉપાધ્યાય હોય, તેની પાસે આલોચના કરે, પ્રતિક્રમણ કરે, નિંદા કરે, ગર્હા કરે, પાપથી નિવૃત્ત થાય, પાપફળથી શુદ્ધ થાય, ફરી પાપકર્મ ન કરવાને માટે પ્રતિજ્ઞાબદ્ધ થાય અને યથાયોગ્ય તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે.

તે પ્રાયશ્ચિત્ત જો શ્રુતાનુસાર અપાય તો તેને ગ્રહણ કરવું જોઈએ, પણ શ્રુતાનુસાર ન અપાય તો ગ્રહણ ન કરવું.

જો શ્રુતાનુસાર પ્રાયશ્ચિત્ત દેવાયા પછી પણ જો સ્વીકાર ન કરે તો તેને ગણથી કાઢી મૂકવો જોઈએ.

**૧૩૬**. જે દિવસે પરિહાર તપ સ્વીકારે, તે દિવસે પરિહાર કલ્પસ્થિત સાધુને એક ઘેરથી આહાર અપાવવાનું આચાર્ય અથવા ઉપાધ્યાયને કલ્પે છે.

ત્યારપછી તે સાધુને અશન યાવત્ સ્વાદિમ દેવું કે વારંવાર દેવું કલ્પતુ નથી. પરંતુ જો આવશ્યક હોય તો તેની વૈયાવચ્ચ કરવાનું કલ્પે છે,

જેમ કે, પરિહાર કલ્પસ્થિત સાધુને ઊભો કરવો, બેસાડવો, પડખાં બદલાવડાવવા, તે સાધુના મળ, મૂત્ર, શ્લેષ્મ, કફ આદિ પરઠવવા, મળ–મૂત્રાદિથી લિપ્ત ઉપકરણોને શુદ્ધ કરવા.

જો આચાર્ય અથવા ઉપાધ્યાય એવું જાણે કે ગ્લાન, ભૂખ્યા, તરસ્યા, તપસ્વી, દુર્બળ અને કલાંત થઈને ગમના–ગમન રહિત માર્ગમાં ક્યાંક મૂર્ચ્છિત થઈને પડી જશે તો અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપવું કે વારંવાર આપવું તે કલ્પે છે.

**૧૩૭**. સાધુ અને સાધ્વીઓને મહાનદીના રૂપમાં કહેવાયેલી, ગણાવાયેલી, પ્રસિદ્ધ અને ઘણાં જળવાળી–

આ પાંચ મહાનદીઓ એક માસમાં બે કે ત્રણ વખત તરીને પાર કરવી કે નૌકા વડે પાર કરવી કલ્પતી નથી.

તે નદીઓ આ છે – ૧. ગંગા, ૨. જમુના, ૩. સરયુ, ૪. ઐરાવતી કોશિકા. અને ૫. મહી.

**૧૩૮**. પરંતુ જે જાણે કે કુણાલા નગરીની સમીપે જે ઐરાવતી નદી છે, તે એક પગ જળમાં અને એક પગ

સ્થળમાં રાખતો એ પ્રમાણે પાર કરી શકે છે. તો તેને એક માસમાં બે કે ત્રણવાર ઊતરવી કે પાર કરવી કલ્પે છે.

જો ઉક્ત પ્રકારે પાર ન કરી શકે તો તે નદીને એક માસમાં બે કે ત્રણ વખત ઊતરવી કે પાર કરવી ન કલ્પે.

૧૩૯. જે ઉપાશ્રય તૃણ, તૃણપુંજ, પરાલ કે પરાલપુંજથી બનેલો હોય, તે ઇંડા યાવત્ કરોળિયાના જાળાથી રહિત હોય, તથા તે ઉપાશ્રયની છતની ઊંચાઈ કાનથી નીચી હોય તો એવા ઉપાશ્રયમાં સાધુ કે સાધ્વીને શિયાળા–ઉનાળામાં રહેવું ન કલ્પે.

૧૪૦. જે ઉપાશ્રય તૃણ, તૃણપુંજથી બનેલ હોય યાવત્ તે કરોળિયાના જાળાથી રહિત હોય–

તે ઉપાશ્રયની છતની ઊંચાઈ, કાનોથી ઊંચી હોય તો તેવા ઉપાશ્રયમાં સાધુ અને સાધ્વીને હેમંત તથા ગ્રીષ્મમાં અર્થાત્ શિયાળા અને ઉનાળામાં રહેવું કલ્પે છે.

૧૪૧. જે ઉપાશ્રય તૃણ અથવા તૃણપુંજથી બનેલ હોય યાવત્ કરોળિયાના જાળાથી રહિત હોય–

પરંતુ છતની ઊંચાઈ ઊભેલા માણસના મસ્તકથી ઉપર ઉઠેલ સીધા બંને હાથો જેટલી ઊંચાઈથી નીચી હોય.

તો એવા ઉપાશ્રયમાં સાધુ–સાધ્વીને વર્ષાવાસમાં – ચોમાસામાં રહેવું કલ્પતું નથી.

૧૪૨. જે ઉપાશ્રય તૃણ કે તૃણપુંજથી બનેલ હોય યાવત્ કરોળિયાના જાળાથી રહિત હોય અને તે ઉપાશ્રયની છતની ઊંચાઈ, ઊભા રહેલા માણસના મસ્તકથી ઉપર ઉઠેલ સીધા બંને હાથો જેટલી ઊંચાઈથી અધિક હોય– એવા ઉપાશ્રયમાં સાધુ–સાધ્વીને ચોમાસું રહેવું કલ્પે.

## બૃહત્કલ્પસૂત્રના ઉદ્દેશા–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

## ઉદ્દેશો–૫

બૃહત્કલ્પના આ ઉદ્દેશામાં સૂત્ર-૧૪૩ થી ૧૯૫ એટલે કે કુલ-૫૩ સૂત્રો છે. ..... જેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–

૧૪૩. જો કોઈ દેવ વિકુર્વણા શક્તિથી સ્ત્રીનું રૂપ બનાવી સાધુને આલિંગન કરે –

અને સાધુ તેના સ્પર્શનું અનુમોદન કરે તો ભાવથી મૈથુનસેવન દોષના ભાગી થાય છે.

તેથી તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે.

૧૪૪. જો કોઈ દેવ વિકુર્વણા શક્તિથી પુરુષનું રૂપ કરી સાધ્વીને આલિંગન કરે

અને સાધુ તેના સ્પર્શનું અનુમોદન કરે તો ભાવથી મૈથુનસેવન દોષના ભાગી થાય છે.

તેથી તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે.

૧૪૫. જો કોઈ દેવી વિકુર્વણા શક્તિથી સ્ત્રીનું રૂપ બનાવી સાધુને આલિંગન કરે

અને સાધુ તેના સ્પર્શનું અનુમોદન કરે તો ભાવથી મૈથુનસેવન દોષના ભાગી થાય છે.

તેથી તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે.

૧૪૬. જો કોઈ દેવી વિકુર્વણા શક્તિથી પુરુષ રૂપ કરીને સાધ્વીને આલિંગન કરે

અને સાધુ તેના સ્પર્શનું અનુમોદન કરે તો ભાવથી મૈથુનસેવન દોષના ભાગી થાય છે.

તેથી તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે.

૧૪૭. સાધુ કલહ કરીને તેને ઉપશાંત કર્યા વિના બીજા ગણમાં સામેલ થઈને રહેવા ઇચ્છે તો તેને પાંચ અહોરાત્રનો પર્યાય છેદીને અને સર્વથા શાંત–પ્રશાંત કરીને ફરી તે જ ગણમાં મોકલી દેવો જોઈએ

અથવા જે ગણમાંથી તે આવેલ હોય તે ગણને જેમ પ્રતીતિ થાય તેમ કરવું જોઈએ.

૧૪૮ થી ૧૫૧. સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પૂર્વે ગૌચરી કરવાની પ્રતિજ્ઞાવાળા સાધુ હોય, સૂર્યોદય અને સૂર્યાસ્તના સંબંધમાં –

૧. અસંદિગ્ધ અને સમર્થ સાધુ,

૨. સંદિગ્ધ પણ સમર્થ,

૩. અસંદિગ્ધ પણ અસમર્થ, તેમજ

૪. સંદિગ્ધ અને અસમર્થ સાધુ.

અશન યાવત્ સ્વાદિમ આહાર કરતો જો એમ જાણે કે –

સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.

તો તે સમયે જે આહાર મુખ–હાથ કે પાત્રમાં હોય, તેને પરઠવી દે, તથા મુખ આદિની શુદ્ધિ કરી લે તો જિનાજ્ઞા અતિક્રમતો નથી.

જો તે આહારને તે સાધુ સ્વયં ખાય કે બીજા સાધુને આપે, તો તેને રાત્રિભોજન સેવનનો દોષ લાગે છે.

તેથી તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

૧૫૨. જો કોઈ સાધુ કે સાધ્વીને રાત્રે કે વિકાલે પાણી અને ભોજન સહિત ડકાર આવે તો તે સમયે તેને થૂંકી દઈ અને મુખ શુદ્ધ કરી લે તો જિજ્ઞાસાનું અતિક્રમણ ન થાય.

પરંતુ જો તે ડકારને (ઉબકાને) ગળે ઊતારી જાય તો તેને રાત્રિભોજનનો દોષ લાગે અને તે અનુદ્‌ઘાતિક

ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત પાત્ર થાય.

૧૫૩. ગૃહસ્થના ઘેર આહાર–પાણી માટે પ્રવિષ્ટ સાધુના પાત્રમાં જો કોઈ – પ્રાણી, બીજ કે સચિત્ત રજ પડી જાય અને જો તેને પૃથક્ કરી શકાય, વિશોધન થઈ શકે, તો પહેલાં તેને પૃથક્ કરે કે વિશોધન કરે,

ત્યારપછી જયણાપૂર્વક ખાય–પીવે.

પણ જો પૃથક્ કે વિશોધન કરવાનો સંભવ ન હોય, તો તેનો સ્વયં ઉપભોગ ન કરે, બીજાને ન આપે, પરંતુ એકાંત અને પ્રાસુક સ્થંડિલ ભૂમિમાં પ્રતિલેખન–પ્રમાર્જન કરી પરઠવી દે.

૧૫૪. ગૃહસ્થના ઘેર આહાર–પાણી માટે પ્રવિષ્ટ સાધુના પાત્રમાં જો કોઈ – પાત્રમાં જો સચિત્ત પાણી, જળબિંદુ કે જલકણ પડી જાય અને તે આહાર ઉષ્ણ હોય તો તેને ખાઈ લે.

પણ જો આહાર શીતલ હોય તો ન પોતે ખાય બીજાને ન આપે, પરંતુ એકાંત અને પ્રાસુક સ્થંડિલ ભૂમિમાં પ્રતિલેખન–પ્રમાર્જન કરી પરઠવી દે.

૧૫૫. જો કોઈ સાધ્વી રાત્રિમાં કે વિકાલમાં મળ–મૂત્રનો ત્યાગ કરે કે શુદ્ધિ કરે, તે સમયે કોઈ પશુ–પક્ષી વડે સાધ્વીની કોઈ ઇન્દ્રિયનો સ્પર્શ થઈ જાય ત્યારે તે સ્પર્શનું- સાધ્વી મૈથુન ભાવથી અનુમોદન કરે તો તેમાં તેણીને હસ્તકર્મ દોષ લાગે.

ત્યારે તેણી તેમાં અનુદ્ઘાતિક માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય,

૧૫૬. જો કોઈ સાધ્વી રાત્રિમાં કે વિકાલમાં મળ–મૂત્રનો ત્યાગ કરે કે શુદ્ધિ કરે, તે સમયે કોઈ પશુ–પક્ષી સાધ્વીના કોઈ શ્રોતમાં અવગાહન કરે, ત્યારે તે અવગાહનનું –સાધ્વી મૈથુન ભાવથી અનુમોદન કરે– તો તેણીને મૈથુનસેવન દોષ લાગે. ત્યારે તેણી તેમાં અનુદ્ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત પાત્ર થાય છે.

૧૫૭. સાધ્વીને એકાકી રહેવું ન કલ્પે.

૧૫૮ થી ૧૬૧. એકલા સાધ્વીને –

૧. આહારને માટે ગૃહસ્થને ઘેર આવવા–જવાનું ન કલ્પે.

૨. શૌચ અને સ્વાધ્યાયને માટે ઉપાશ્રયથી બહાર આવવા–જવાનું ન કલ્પે.

૩. એક ગામથી બીજે ગામ વિહાર કરવો ન કલ્પે.

૪. એકલા વર્ષાવાસ કરવો ન કલ્પે.

૧૬૨. સાધ્વીને વસ્ત્ર રહિત થવું ન કલ્પે.

૧૬૩. સાધ્વીને પાત્ર રહિત હોવું ન કલ્પે.

૧૬૪. સાધ્વીને સર્વથા શરીર વોસિરાવી રહેવું ન કલ્પે.

૧૬૫. સાધ્વીને ગામ યાવત્ રાજધાની બહાર ભૂજાઓ ઉપરની તરફ કરીને, સૂર્ય સન્મુખ રહી તથા એક પગે ઊભા રહી આતાપના લેવી ન કલ્પે.

૧૬૬. પરંતુ ઉપાશ્રયમાં પડદા લગાવી ભૂજા નીચે લટકાવી બંને પગને સમતલ કરી ઊભા રહીને આતાપના લેવી સાધ્વીને કલ્પે છે.

૧૬૭. સાધ્વીને ઊભા રહી કાયોત્સર્ગ પ્રતિજ્ઞા ન કલ્પે.
૧૬૮. સાધ્વીને એકરાત્રિકી પ્રતિજ્ઞાદિ કરવી ન કલ્પે.
૧૬૯. સાધ્વીને ઉત્કટુકાસને સ્થિત રહેવું ન કલ્પે.
૧૭૦. સાધ્વીને નિષદ્યા સ્થિત પ્રતિજ્ઞા ન કલ્પે.
૧૭૧. સાધ્વીને વીરાસને સ્થિત રહેવાનું ન કલ્પે.
૧૭૨. સાધ્વીને દંડાસને સ્થિત રહેવું ન કલ્પે.
૧૭૩. સાધ્વીને લકુટાસને સ્થિત રહેવું ન કલ્પે.
૧૭૪. સાધ્વીને અધોમુખ રહી સૂવાનું ન કલ્પે.
૧૭૫. સાધ્વીને ઉત્તાનાસન સ્થિત રહેવાનું ન કલ્પે.
૧૭૬. સાધ્વીને એક પડખે રહી સૂવાનું ન કલ્પે.
૧૭૭. સાધ્વીને આમ્રકુબ્જિકાસન રહેવું ન કલ્પે.
૧૭૮. સાધ્વીને આકુંચનપટ્ટક રાખવો કે વાપરવો કલ્પે.

૧૭૯. સાધુને આકુંચનપટ્ટક રાખવો કે વાપરવો કલ્પે.

૧૮૦. સાધ્વીને અવલંબનયુક્ત આસને બેસવું કે શયન કરવું ન કલ્પે.

૧૮૧. સાધુને અવલંબનયુક્ત આસને બેસવું કે શયન કરવું કલ્પે છે.

૧૮૨. સાધ્વીને સવિષાણ પીઠ – બેસવાની લાકડાની ચોકી વગૈરે કે ફલક–પાટા આદિ ઉપર બેસવું–સૂવું ન કલ્પે.

૧૮૩. સાધુને સવિષાણ પીઠ –બેસવાની લાકડાની ચોકી વગૈરે કે ફલક–પાટા આદિ ઉપર બેસવું–સૂવું કલ્પે છે.

૧૮૪. સાધ્વીને સંવૃત તુંબી રાખવી કે તેનો ઉપયોગ કરવાનું કલ્પતું નથી.
૧૮૫. સાધુને સવૃંત તુંબી રાખવી આદિ કલ્પે છે.

૧૮૬. સાધ્વીને સંવૃત્ત–કાષ્ઠની દાંડી આદિ યુક્ત પાત્રકેસરિકા રાખવી કે ઉપયોગ કરવી ન કલ્પે.
૧૮૭. સાધુને તેવી પાત્રકેસરિકા રાખવી–વાપરવી કલ્પે.

૧૮૮. સાધ્વીને કાષ્ઠની દાંડીવાળુ પાદપ્રોંછનક રાખવું કે તેનો ઉપયોગ કરવો ન કલ્પે.
૧૮૯. સાધુને તેવું પાદપ્રોંછનક રાખવું–વાપરવું કલ્પે.

૧૯૦. સાધુ–સાધ્વીને એકબીજાનું મૂત્ર પીવું કે તેનાથી માલિશ કરવી ન કલ્પે.
કેવલ ઉગ્ર રોગ અને આતંકમાં કલ્પે.

૧૯૧. સાધુ–સાધ્વીને પરિવાસિત(એટલે રાત્રે રાખેલ કે કાલાતિક્રાંત) ત્વચા, તલ કે ચપટી જેટલો આહાર

ખાવો તથા પાણી, બિંદુ પ્રમાણ જેટલું પણ પીવું ન કલ્પે, કેવલ ઉગ્ર રોગાંતકમાં કલ્પે.

૧૯૨. સાધુ–સાધ્વીને પોતાના શરીરે પરિવાસિત લેપન એકવાર કે વારંવાર લગાવવું ન કલ્પે, કેવળ ઉગ્ર રોગ–આતંક હોય તો કલ્પે.

૧૯૩. પૂર્વવત્ તેલ યાવત્ માખણ ચોપડવું ન કલ્પે.

૧૯૪. પરિહાર કલ્પસ્થિત સાધુ જો સ્થવિરોની વૈયાવચ્ચને માટે ક્યાંક બહાર જાય અને કદાચિત પરિહાર–કલ્પમાં કોઈ દોષ સેવી લે,

આ વૃત્તાંત સ્થવિર પોતાના જ્ઞાનથી કે બીજાથી સાંભળીને જાણે તો વૈયાવચ્ચથી નિવૃત્ત થયા પછી તેને અત્યલ્પ પ્રસ્થાપન પ્રાયશ્ચિત્ત દેવું જોઈએ.

૧૯૫. સાધ્વી આહારને માટે ગૃહસ્થના ઘેર પ્રવેશે અને ત્યાં જો પુલાકભક્ત (અસાર આહારગ્રહણ થઈ જાય અને જો તે ગૃહિત આહારથી નિર્વાહ થઈ જાય તો તે જ આહાર વડે અહોરાત્ર પસાર કરે. પણ બીજી વખત આહાર ગ્રહણ કરવા ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવો તેને ન કલ્પે.

પણ જો તેનો નિર્વાહ ન થઇ શકે તો આહાર માટે બીજી વખત પણ ગૃહસ્થના ઘેર જવું કલ્પે.

એ પ્રમાણે હું તમને કહું છું.

## બૃહત્કલ્પસૂત્રના ઉદ્દેશા–પનો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો–૬

**બૃહત્કલ્પના આ છઠ્ઠા અને છેલ્લા ઉદ્દેશામાં સૂત્ર–૧૯૬થી ૨૧૫ એટલે કે કુલ–૨૦ સૂત્રો છે. જેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–**

૧૯૬. સાધુ–સાધ્વીને આ છ નિષિદ્ધ વચન બોલવા ન કલ્પે, જેમ કે –

૧.અલીકવચન(અસત્ય ભાષણ), ૨.હીલિતવચન(બીજાની અવહેલના કરનાર વચન), ૩. ખિંસિત વચન(રોષપૂર્ણ વચન), ૪. પુરુષવચન(કઠોર વચન), ૫. ગાર્હસ્થ્યવચન(ગૃહસ્થપણાના સંબંધને આશ્રીને થતા સંબોધન) , ૬. કલહ ઉદીરણા વચન.

૧૯૭. કલ્પ(સાધુ આચાર)ના છ વિશેષ પ્રકારના પ્રાયશ્ચિત્ત સ્થાનો કહ્યા છે, જેમ કે –

૧. પ્રાણાતિપાતનો આરોપ લગાડવો, ૨. મૃષાવાદનો આરોપ લગાડવો, ૩. અદત્તાદાનનો આરોપ લગાડવો, ૪. બ્રહ્મચર્યભંગનો આરોપ લગાડવો, ૫. નપુંસક હોવાનો આરોપ લગાડવો, ૬. દાસ હોવાનો આરોપ લગાડવો – એ છ આરોપો લગાવાય ત્યારે – સંયમના આ વિશેષ પ્રાયશ્ચિત્ત સ્થાનોના આરોપ લગાવી, તેને સમ્યક્ પ્રમાણિત ન કરનારા સાધુ તે જ પ્રાયશ્ચિત્ત સ્થાનના ભાગીદાર થાય છે.

૧૯૮. સાધુના પગના તળિયામાં તીક્ષ્ણ, શુષ્ક, ઠૂંઠા, કાંટા, કાચ કે તીક્ષ્ણ પાષાણ ખંડ લાગી જાય અને તેને તે સાધુ કાઢવામાં તેનો અંશ શોધવામાં સમર્થ ન હોય,

ત્યારે જો સાધ્વી કાઢે, શોધે તો જિનાજ્ઞા અતિક્રમણ ન થાય.

૧૯૯. સાધુની આંખમાં પ્રાણી, બીજ કે રજ પડી જાય, તેને તે કાઢવા સમર્થ ન હોય કોઈ સાધુ કાઢવામાં તેનો અંશ શોધવામાં સમર્થ ન હોય,

ત્યારે જો સાધ્વી કાઢે, શોધે તો જિનાજ્ઞા અતિક્રમણ ન થાય.

૨૦૦. સાધ્વીના પગના તળિયામાં તીક્ષ્ણ ઠુંઠું કાંટા, કાચ કે તીક્ષ્ણ પાષાણ ખંડ લાગી જાય અને તેને તે સાધ્વી કાઢવામાં તેનો અંશ શોધવામાં સમર્થ ન હોય, ત્યારે

સાધુ કાઢે તો જિનાજ્ઞા અતિક્રમણ ન થાય.

૨૦૧. સાધ્વીની આંખમાં કોઈ પ્રાણી બીજ કે રજ પડી જાય, તેને તે કાઢવા સમર્થ ન હોય કોઈ સાધ્વી તે કાઢવામાં તેનો અંશ શોધવામાં સમર્થ ન હોય ત્યારે

સાધુ કાઢે તો જિનાજ્ઞા અતિક્રમણ ન થાય.

**૨૦૨ થી ૨૧૩. અહીં કહેવાયેલા ૧૨–સંયોગોમાં કોઈ સાધુ, સાધ્વીને પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.**

૧. દુર્ગમ સ્થાન, વિષમ સ્થાન કે પર્વતથી પડતી સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૨. કીચડ–કાદવ–પનક કે પાણીમાં પડતી–ડૂબતી સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૩. નૌકા ઉપર ચઢતી કે ઊતરતી સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા

અતિક્રમણ થતું નથી.

૪. શોક કે ભયથી વિક્ષિપ્ત ચિત્તવાળી સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૫. હર્ષના અતિરેકથી દિપ્ત-ભ્રમિત ચિત્ત સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૬. યક્ષાવિષ્ટ(ભૂત પ્રેતથી પીડિત) સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૭. મોહનીય કર્મના ઉદયથી ઉન્માદ પ્રાપ્ત સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૮. દેવ, મનુષ્ય કે તિર્યંચજન્ય ઉપસર્ગ પ્રાપ્ત સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૯. સાધિકરણ(તીવ્ર કષાયથી અશાંત સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૧૦. સપ્રાયશ્ચિત્ત(કઠોર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થવાથી વિચલિત ચિત્તવાળી સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૧૧. ભક્ત પ્રત્યાખ્યાન કરેલ સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૧૨. અર્થજાત-શિષ્ય કે પદપ્રાપ્તિની ઇચ્છાથી વ્યાકુળ થયેલ સાધ્વીને કોઈ સાધુ પકડે કે ટેકો આપી તેણીને બચાવે તો જિનાજ્ઞા અતિક્રમણ થતું નથી.

૨૧૪. કલ્પ અર્થાત્ સાધુ આચારના છ સર્વથા ઘાતક (સાધુપણાનો નાશ કરનારા કહેવાયેલા છે, તે આ પ્રમાણેછે.-

૧. કૌકુત્ચ્ય, સંયમનો પલિમંથ છે. અર્થાત્ જોયા વિના કે પ્રમાર્જના કર્યા વિના કામિક પ્રવૃત્તિ કરનાર સાધુ સંયમનો ઘાતક છે.

૨. મૌખરિક; સત્યવચનનો ઘાતક છે. અર્થાત્ વધુ બોલનાર કે વાચાળ સાધુ સત્યવચનનો ઘાતક છે.

૩. ચક્ષુલોલુપ, ઇર્યાપથિકાનો ઘાતક છે. અર્થાત્ જે સાધુ અહીં-તહીં જોતા-જોતા ગમન કરે છે, તે ઇર્યાસમિતિ નામક ચારિત્રાચારનો ઘાતક છે.

૪. તિંતિણિક, એષણા-ગોચરનો ઘાતક છે અર્થાત્ આહાર આદિના અલાભથી ખિન્ન થઈને ચીઢાયા કરવું - બબડ્યા કરવું તે એષણા સમિતિનો ઘાતક છે.

૫. ઇચ્છાલોલુપ, મુક્તિમાર્ગનો ઘાતક છે અર્થાત્ ઉપકરણ આદિનો અતિલોભ અપરિગ્રહનો ઘાતક છે.

૬. નિદાનાધિકરણ, મોક્ષમાર્ગનો ઘાતક છે. અર્થાત્ લોભવશ કે લૌકીક સુખોની કામનાથી નિયાણુ કરવું - તપના ફળની કામના કરવી તે મોક્ષમાર્ગની ઘાતક છે. કેમ કે ભગવંતે સર્વત્ર અનિદાનતા પ્રશસ્ત કહી છે.

૨૧૫. કલ્પસ્થિતિ અર્થાત્ આચારની મર્યાદા છ પ્રકારની કહેવાયેલી છે-

૧. સામાયિક ચારિત્રની મર્યાદાઓ - સમભાવમાં રહેવું અને બધી સાવદ્ય પ્રવૃત્તિનો પરિત્યાગ કરવો.

૨. છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ – મોટી દીક્ષા દેવી કે ફરી મહાવ્રતનું આરોપણ કરવું.
૩. નિર્વિસમાણ કલ્પસ્થિતિ – પરિહાર વિશુદ્ધિચારિત્ર – તપ વહન કરનારની મર્યાદા.
૪. નિર્વિષ્ટકાયિક સ્થિતિ – પરિહાર વિશુદ્ધિ ચારિત્રમાં ગુરુકલ્પ અને અનુપહારિક સાધુઓની મર્યાદા.
૫. જિનકલ્પ સ્થિતિ – ગચ્છનિર્ગત વિશિષ્ટ તપસ્વીજીવન વિતાવનાર જિનકલ્પી સાધુની મર્યાદા.
૬. સ્થવિર કલ્પસ્થિતિ – ગચ્છવાસી સાધુની મર્યાદા.

બૃહત્કલ્પસૂત્રના ઉદ્દેશા-૬નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

## બૃહત્કલ્પ છેદસૂત્ર–૨, આગમ–૩૫નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરાનુવાદ પૂર્ણ

**મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

**મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ **DVD** તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 36 1120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩૫

# બૃહત્કલ્પ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


'વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397